# Kids કોર્નર

## Hello Kids.

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



# જંગલનો હાથી

**દરરોજ સવારે એ નદી પર પાણી પીવા જતો, રસ્તામાં આવતાં ઝાડોને તોડી નાખતો, નાના ઝાડોને પગથી કચડી નાખતો અને નાનાં પ્રાણીઓને ધકેલીને દૂર કરી નાખતો. ક્યારેક તો એ પોતાની મોજમાં નદીમાં પાણી છાંટી છાંટી બધાંને ભીંજવી નાખતો**

વારતા રે વારતા

એક વખતની વાત છે. જંગલમાં એક મોટો હાથી રહેતો હતો. હાથી બહુ જ શક્તિશાળી હતો. એના મોટા દાંત, લાંબી સૂંડ અને ગર્જના કરતાં પગલાં જંગલમાં ગુંજી ઉઠતા. હાથીને પોતાની તાકાતનો ઘણો ગર્વ હતો.

દરરોજ સવારે એ નદી પર પાણી પીવા જતો, રસ્તામાં આવતાં ઝાડોને તોડી નાખતો, નાના ઝાડોને પગથી કચડી નાખતો અને નાનાં પ્રાણીઓને ધકેલીને દૂર કરી નાખતો. ક્યારેક તો એ પોતાની મોજમાં નદીમાં પાણી છાંટી છાંટી બધાંને ભીંજવી નાખતો.

સિંહ, વાઘ જેવા મોટા પ્રાણી પણ એના રસ્તામાં આવવાનું ટાળતા. જંગલના નાનાં પ્રાણી - સસલું, ચકલી, ખિસકોલી, મોર - બધા એના અહંકારથી ખૂબ પરેશાન હતા.

એક દિવસ બધા મળીને વિચાર કરવા બેઠાં:

“આ હાથીને પાઠ ભણાવવો જ પડશે. નહીં તો એક દિવસ આ આખા જંગલને નાશ કરી નાખશે.”

બધાં ચર્ચા કરતા હતા ત્યારે નાનકડા સસલાએ કહ્યું:

“હાથી કેટલો પણ મોટો હોય, એને પણ બુદ્ધિથી હરાવી શકાય. તમે સૌ મારી વાત માનો, તો હું રસ્તો શોધું.”

બધાં પ્રાણી રાજી થઈ ગયા.

બીજે દિવસે સસલું હાથી પાસે ગયું. હાથીએ એને જોયું અને બોલ્યો:

“એ નાનકડા સસલા! તું મારી સામે કેમ આવ્યો? ભાગી જા, નહીં તો તને કચડી નાખીશ.”

સસલું શાંતિથી બોલ્યું:

“મહારાજ, જંગલનો રાજા તમે છો એમાં શંકા નથી. પણ મને દુઃખ સાથે કહેવું પડે છે કે તમારી કરતા પણ મોટો હાથી અહીં રહે છે. એ પોતાને નદીનો રક્ષક કહે છે અને દાવો કરે છે કે તું એની સામે કશું નથી.”

હાથી ગુસ્સાથી કંપી ઉઠ્યો.

“ક્યાં છે એ? મને બતાવ! હું એને હમણાં જ હરાવી દઈશ.”

સસલાએ એને એક જૂના ઊંડા કૂવા પાસે લઈ ગયું.

હાથીએ અંદર ઝાંખી મારી. કૂવામાં એને પોતાનો પ્રતિબિંબ દેખાયો - પણ એને લાગ્યું કે ખરેખર ત્યાં બીજો મોટો હાથી બેઠો છે.

હાથી ગર્જના કરવા લાગ્યો, કૂવામાંથી અવાજ પાછો પડ્યો. એણે વિચાર્યું - “આ તો મને જ પડકાર આપી રહ્યો છે!”

ગુસ્સે ભરાયેલો હાથી સૂંડ ઊંચી કરીને સીધો કૂવામાં કૂદી પડ્યો.

પણ કૂવો ઊંડો હતો, દિવાલો સરકતાં હતાં. હાથી બહાર આવી શક્યો નહીં.

હવે એને સમજાયું કે એ પોતાનાં અહંકારમાં ફસાઈ ગયો છે.

જંગલના બધા પ્રાણી ખુશીથી ઝૂમી ઉઠ્યાં. નાનકડા સસલાએ બુદ્ધિથી બધાને મોટાં દુઃખથી બચાવી લીધાં.

# દુનિયાનો એક એવો દેશ, જે માત્ર 8 સેકન્ડ માટે અસ્તિત્વમાં આવ્યો હતો!




વિશ્વના ઇતિહાસમાં ઘણા દેશોએ સ્વતંત્રતાની માંગણી કરી છે, કેટલાક સફળ થયા છે તો કેટલાકના સપના અધૂરા રહી ગયા છે. પરંતુ શું તમને ખબર છે કે એક એવો દેશ પણ રહ્યો છે જે ફક્ત 8 સેકન્ડ માટે જ અસ્તિત્વમાં આવ્યો હતો? તો ચાલો જાણીએ આ દેશ કયા આવેલો છે?

પાકિસ્તાનથી અલગ થવાની માંગ કરતો બલુચિસ્તાનનો મુદ્દો આ દિવસોમાં હેડલાઇન્સમાં છે. ત્યાંના લોકો અને નેતાઓનો આરોપ છે કે પાકિસ્તાની સરકાર તેમના પર સતત જુલમ કરી રહી છે, માનવાધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે અને જે લોકો પોતાનો અવાજ ઉઠાવે છે તેમને દબાવવામાં આવી રહ્યા છે.

આ કારણે કેટલાક બલુચ નેતાઓએ પાકિસ્તાનથી અલગ એક સ્વતંત્ર રાષ્ટ્રની જાહેરાત કરી હતી. પરંતુ આ કિસ્સો પહેલો નથી. વિશ્વના ઇતિહાસમાં એક એવો દેશ રહ્યો છે, જે ફક્ત 8 સેકન્ડ માટે અસ્તિત્વમાં આવ્યો હતો. હા, ફક્ત 8 સેકન્ડ, તે દેશની પણ પોતાની અલગ કહાની છે. આ દેશ કેટાલોનિયા હતો. સ્પેનનો આ પ્રદેશ લાંબા સમયથી પોતાને સ્વતંત્ર રાષ્ટ્ર જાહેર કરવાની માંગ કરી રહ્યો હતો. ઓક્ટોબર 2017માં કેટાલોનિયાના રાષ્ટ્રપતિ કાર્લેસ પુઇગડેમોન્ટે કેટાલોનિયા સંસદમાં સ્પેનથી સ્વતંત્રતાની જાહેરાત કરી. આ જાહેરાત ઐતિહાસિક હતી અને હાજર લોકો માટે ગર્વની ક્ષણ હતી, પરંતુ આ સ્વતંત્રતા અલ્પજીવી સાબિત થઈ. જાહેરાતના માત્ર 8 સેકન્ડ પછી રાષ્ટ્રપતિ પુઇગડેમોન્ટે નિવેદન સ્થગિત કર્યું અને કહ્યું કે તેઓ સ્પેનિશ સરકાર સાથે વાટાઘાટો કરવા માંગે છે. તેના થોડા સમય પછી સ્પેનિશ સરકારે કેટાલોનિયા સંસદનું વિસર્જન કર્યું અને સીધો શાસન લાદ્યો. આમ, કેટાલોનિયાનું સ્વતંત્ર રાષ્ટ્ર બનવાનું સ્વપ્ન થોડીક સેકન્ડોમાં ચકનાચૂર થઈ ગયું. કેટાલોનિયાના લોકો પોતાની અલગ ભાષા, સંસ્કૃતિ અને ઓળખ સાથે પોતાને એક અલગ રાષ્ટ્ર માને છે. વર્ષોથી તેઓ સ્પેનથી સ્વતંત્રતાની માંગણી કરી રહ્યા હતા. 2017માં જ્યારે આ મુદ્દો સંસદમાં રજૂ કરવામાં આવ્યો ત્યારે સ્વતંત્રતાના પક્ષમાં મતદાન થયું અને બહુમતી મળી. આ વિજય પછી રાષ્ટ્રપતિએ સ્વતંત્રતાની ઘોષણા કરી.



## હેપ્પી બર્થડે




નામ : જીયા શિંદે
માતા : પાયલ શિંદે



નામ : ભાવિક સાગર
માતા : પ્રતિભા સાગર

## રસ્તો શોધો




## તફાવત શોધો





## ટપકાં જોડો



## શબ્દો પૂરો




## PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | | 2 | | 3 | | 4 | = | 4 |
| 2) | 1 | | 2 | | 3 | | 4 | = | 1 |
| 3) | 1 | | 2 | | 3 | | 4 | = | 2 |

### CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| M | O | M |
| | | |
| | | |
| S | U | N |

### CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 4 | | |
| | | 9 |
| | 7 | |

વર્તુળો: 21, 23 (ઉપર), 19, 21 (નીચે)

### BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને કાપડની જુદી જુદી 7 જાતોના નામ બનાવો.

| | | | | |
|---|---|---|---|---|
| TE | ET | VO | MU | YON |
| NEN | RA | SI | VE | ILE |
| LK | LV | LI | SA | IN |
| SL | EN | | | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 1 |
| 5 અક્ષર | 3 |
| 6 અક્ષર | 3 |

જવાબ
1. SILK
2. LINEN
3. RAYON
4. VOILE
5. MUSLIN
6. SATEEN
7. VELVET

### જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | + | 2 | - | 3 | + | 4 | = | 4 |
| 2) | 1 | × | 2 | + | 3 | - | 4 | = | 1 |
| 3) | 1 | + | 2 | + | 3 | - | 4 | = | 2 |

Q2

| | | |
|---|---|---|
| M | O | M |
| M | U | N |
| S | O | N |
| S | U | N |

Q3

| | | |
|---|---|---|
| 4 | 6 | 5 |
| 8 | 3 | 9 |
| 1 | 7 | 2 |

વર્તુળો: 21, 23 (ઉપર), 19, 21 (નીચે)